કપડવંજમાં વિકાસની વહેંચણીમાં 'અંધેર નગરી' | વિકાસ કામોમાં 'વ્હાલા-દવલા'ની નીતિ ?

# કપડવંજ પંથકમાં એટીવીટી ગ્રાન્ટની ફાળવણીમાં પક્ષપાતના ગંભીર આક્ષેપ

**અનેક ગ્રામ** પંચાયતોને અન્યાય થતા સરપંચોમાં ભારોભાર રોષ



(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૭

કપડવંજ તાલુકામાં વર્ષ 2026-27ની એટીવીટી ગ્રાન્ટ હેઠળના વિકાસ કામોની ફાળવણીમાં વ્યાપક અસમાનતા અને અન્યાયના આક્ષેપો ઉઠ્યા છે. સરપંચો અને ગ્રામજનોનો આક્ષેપ છે કે વહીવટી તંત્ર દ્વારા ગ્રાન્ટની ફાળવણીમાં મનસ્વી રીતે નિર્ણયો લેવામાં આવ્યા છે, જેના વિરોધમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.

આ આવેદનપત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, પંચાયતવાર યાદી જોતા સ્પષ્ટ જણાય છે કે કેટલીક ગ્રામ પંચાયતોને પાંચથી પણ વધુ વિકાસ કામો ફાળવી દેવામાં આવ્યા છે, જ્યારે તેની સામે વડાલી, લાખાભગતના મુવાડા, વાસણા અને શેલગઢ જેવી અનેક ગ્રામ પંચાયતોને એક પણ કામ ફાળવવામાં આવ્યું નથી. આ પ્રકારની પક્ષપાતી નીતિને કારણે ગ્રામીણ સ્તરે પાયાની સુવિધાઓ માટે અન્યાય થઈ રહ્યો હોવાનો સૂર ઉઠ્યો છે.

### છેલ્લા ૩ વર્ષથી સતત અન્યાયનો દાવો

સરપંચોના જણાવ્યા અનુસાર, માત્ર એટીવીટી જ નહીં પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી જિલ્લા પંચાયતના વિકાસ કામો તેમજ ધારાસભ્ય અને સાંસદની ગ્રાન્ટની ફાળવણીમાં પણ કપડવંજ તાલુકાની કેટલીક ચોક્કસ પંચાયતોને જ ટાર્ગેટ કરીને વિકાસ કામોથી બાકાત રાખવામાં આવી રહી છે.

### હવે લડત મંડાય તેવી શક્યતા

આ મામલે જિલ્લા કલેક્ટર ઉપરાંત પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા પંચાયત પ્રમુખને પણ નકલ રવાના કરવામાં આવી છે. સરપંચોએ માંગ કરી છે કે એટીવીટીના આયોજનની તાત્કાલિક અસરથી સમીક્ષા કરવામાં આવે અને અન્યાય થયેલી તમામ પંચાયતોને તેમના હક્કની ગ્રાન્ટ ફાળવવામાં આવે. જો આગામી દિવસોમાં આ પ્રશ્નનું યોગ્ય નિરાકરણ નહીં આવે, તો કપડવંજ પ્રાંત કચેરી ખાતે ભૂખ હડતાળ પર ઉતરવાની કડક ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## વડતાલ ધામમાં શ્રાવણ માસમાં હરિકૃષ્ણ મહારાજને ૨૨ લાખ તુલસી પત્રો અર્પણ કરાશે



સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થધામ વડતાલ ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે વિશેષ ભક્તિ પર્વનો મંગલ પ્રારંભ થયો છે. આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે આ મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. આ અંગે મંદિરના ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામીના જણાવ્યા અનુસાર, ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આપેલ આજ્ઞા મુજબ શ્રાવણ માસમાં શિવપૂજનનો વિશેષ મહિમા છે. જે અંતર્ગત મંદિરના પ્રવેશદ્વારે બિરાજમાન ભગવાન શિવને ભૂદેવો દ્વારા દરરોજ ૬ હજારથી વધુ બિલીપત્રો અર્પણ કરવામાં આવશે. વધુમાં, શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણોમાં જનમંગલ નામાવલીના ગાન સાથે દરરોજ ૭૫ હજાર અને સમગ્ર માસ દરમિયાન કુલ ૨૨ લાખ તુલસી પત્રો અર્પણ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ તુલસીની વ્યવસ્થા મંદિરના ટ્રસ્ટી તેજસભાઈ પટેલ દ્વારા કરવામાં આવી છે. આ ભક્તિ પર્વનું આયોજન મુખ્ય કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામી અને શા. ડો. સંતવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

# ઠાસરાના ચિતલાવ-સરદારપુરાને જોડતો બ્રિજ ધડાકાભેર ધરાશાયી

**પિલર નીચેથી** માટીનું ધોવાણ થતાં આખું માળખું બેસી ગયું





(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

ઠાસરા તાલુકામાં રવિવારે સવારે ૧૦ વાગ્યાના સુમારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ચિતલાવ અને સરદારપુરા ગામને જોડતો અને મહી કેનાલની કાંસ પર આવેલો એકમાત્ર મહત્વનો બ્રિજ અચાનક ભયંકર અવાજ સાથે તૂટી પડ્યો હતો. સદનસીબે જે સમયે આ મહાકાય માળખું ધરાશાયી થયું ત્યારે તેના પરથી કોઈ વાહન કે પદયાત્રી પસાર થઈ રહ્યું ન હતું, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.

આ ઘટનાની વિગત મુજબ, મહી કેનાલના વધારાના પાણીના નિકાલ માટે બનાવેલી આ કાંસમાં છેલ્લા લાંબા સમયથી પાણીનો પ્રવાહ સતત વહેતો હતો. આ પ્રવાહને કારણે બ્રિજના પિલરની આસપાસની માટીનું મોટા પાયે ધોવાણ થયું હતું અને પાયો સાવ નબળો પડી ગયો હતો. સ્થાનિકોના મતે, સિંચાઈ વિભાગ અને સ્થાનિક તંત્રની ઘોર બેદરકારી તેમજ સમયસર નિરીક્ષણના અભાવે લાખો રૂપિયાના ખર્ચે બનેલો આ બ્રિજ જમીનદોસ્ત થયો છે, જેનાથી સરકારી તિજોરીને પણ મોટું નુકસાન થયું છે.

### વૈકલ્પિક માર્ગ અને નવા બ્રિજની ઉગ્ર માંગણી

તંત્રની લાપરવાહી સામે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આગામી દિવસોમાં વરસાદ વધે તે પહેલા તાત્કાલિક ધોરણે વૈકલ્પિક રસ્તાની વ્યવસ્થા કરવા અને યુદ્ધના ધોરણે નવા બ્રિજનું નિર્માણ શરૂ કરવા માટે ગ્રામજનોએ ઉગ્ર રજૂઆત કરી છે.

ચરોતરમાં રક્ષાબંધન પર્વે ટપાલ વિભાગની ભેટ

# સ્પીડપોસ્ટથી રાખડી મોકલવા પર ૧૦% વિશેષ ડિસ્કાઉન્ટ

**૧૨ થી ૨૬** ઓગસ્ટ સુધી ૧૫ દિવસ માટે યોજના કાર્યરત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

રક્ષાબંધનના પવિત્ર પર્વને ધ્યાનમાં રાખીને ટપાલ વિભાગ દ્વારા ભાઈ-બહેનના પ્રેમના પ્રતીક સમાન રાખડી સમયસર અને સુરક્ષિત રીતે પહોંચાડવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૧૨ ઓગસ્ટથી ૨૬ ઓગસ્ટ ૨૦૨૬ સુધીના ૧૫ દિવસ માટે સ્પીડ પોસ્ટ મારફતે રાખડી મોકલવા પર ૧૦ ટકાની વિશેષ છૂટ આપવામાં આવશે.

આ વિશેષ ઓફરનો લાભ લેવા માટે રાખડી મોકલવાના કવર પર આગળના ભાગમાં 'આ કવરમાં રાખડી છે' તેવું સ્પષ્ટ અને મોટા અક્ષરોમાં લખવું જરૂરી છે. આનાથી ટપાલ કર્મચારીઓ તેને સરળતાથી ઓળખી શકશે અને સમયસર પહોંચાડવાની કામગીરીમાં પ્રાથમિકતા આપી શકશે. વરસાદી માહોલમાં રાખડી સુરક્ષિત રહે તે માટે પોસ્ટ ઓફિસોમાં ખાસ વોટરપ્રૂફ રાખડી કવર પણ વેચાણ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

ખેડા ડિવિઝનના વરિષ્ઠ અધિક્ષક ડાક ઘર કે.એમ. ચૌહાણે જણાવ્યું હતું કે, રક્ષાબંધન એ અતૂટ પ્રેમનું પર્વ છે. ટપાલ વિભાગનું દેશવ્યાપી નેટવર્ક છેવાડાના વિસ્તારો સુધી પહોંચ ધરાવે છે, તેથી લોકો આ વિશ્વસનીય અને સુરક્ષિત સેવાનો વધુમાં વધુ લાભ લે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

માતરમાં ભાજપના 'ચક્રવ્યૂહ'ને ભેદી કોંગ્રેસનો પંજો મજબૂત બન્યો

# માતરમાં ખેતી બેન્કની ચૂંટણીમાં ભાજપ જિલ્લા ઉપપ્રમુખની હાર

**ધારાસભ્ય** અને સંગઠનની એડીચોટીનું જોર છતાં કોંગ્રેસના બે ઉમેદવાર જીત્યાં



(પ્રતિનિધિ) માતર તા.૧૭

રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્કની માતર શાખાના બે પ્રતિનિધિઓ માટે યોજાયેલી ચૂંટણીમાં સત્તાધારી પક્ષ ભાજપને મોટો રાજકીય ફટકો પડ્યો છે. રવિવારે યોજાયેલી આ પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં કોંગ્રેસ પ્રેરિત પેનલના બંને ઉમેદવારોએ ભવ્ય વિજય મેળવી ભાજપના ગઢમાં ગાબડું પાડ્યું છે.

આ ચૂંટણીમાં સૌથી નોંધપાત્ર બાબત એ રહી કે ભાજપના ખેડા જિલ્લા ઉપપ્રમુખ જનકસિંહ ઝાલા પોતે ઉમેદવાર હોવા છતાં જીતી શક્યા નથી. તેમને જીતાડવા માટે માતર વિધાનસભાના ધારાસભ્ય સહિત ભાજપ સંગઠનના તમામ કાર્યકર્તાઓ અને નેતાઓ મેદાનમાં ઉતરી ગયા હતા. આમ છતાં, સંગઠનનું આ જોર મતદારોને રીઝવવામાં નિષ્ફળ રહ્યું હોય તેમ જણાય છે.

મતગણતરી મુજબ, કોંગ્રેસના ઉમેદવાર સંજયભાઈ પટેલને સૌથી વધુ 342 મત અને ભીખાભાઈ ભરવાડને 267 મત મળ્યા હતા. જ્યારે ભાજપના દિગ્ગજ ઉમેદવાર જનકસિંહ ઝાલાને માત્ર 187 મત મળતા તેમની કારમી હાર થઈ છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદની સંતરામ ઇંગ્લિશ મિડીયમ સ્કૂલમાં સ્વાતંત્ર્ય પર્વની હર્ષભેર ઉજવણી કરાઇ

**નડિયાદ** | સંતરામ મંદિર સંચાલિત સંતરામ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના પ્રિ-પ્રાયમરી વિભાગમાં 80મા સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે નાના ભૂલકાઓએ ભારત દેશનો સુંદર નકશો બનાવીને પોતાની કલા અને દેશપ્રેમ પ્રદર્શિત કર્યો હતો. હાથમાં તિરંગા સાથે વિદ્યાર્થીઓએ દેશ પ્રત્યેની પોતાની અતૂટ શ્રદ્ધા અને ઉલ્લાસ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દ્વારા બાળકોમાં નાનપણથી જ રાષ્ટ્રભક્તિના સંસ્કારોનું સિંચન કરવામાં આવ્યું હતું.



### નડિયાદમાં સંત રવિદાસજીની 650મી જન્મજયંતી નિમિત્તે 'સમરસતા સંકલ્પ અભિયાન' અંતર્ગત કળશ વિતરણ

**નડિયાદ** | સંત શિરોમણી રવિદાસજીની 650મી જન્મજયંતી પ્રસંગે નડિયાદના સંતરામ સત્સંગ હોલ ખાતે ભવ્ય કળશ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઈ ગેડિયાની અધ્યક્ષતામાં અને સાંસદ દેવુસિંહ ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિમાં મહાનુભાવો દ્વારા કળશનું વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ ખેડા જિલ્લાના નડિયાદ, વસો, મહેમદાવાદ, કપડવંજ અને ઠાસરા સહિતના વિવિધ તાલુકાઓની ૨૧ મંડળીઓને કળશ વિતરણ કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ નયનાબેન પટેલ, ધારાસભ્યો, મેયર અને ડેપ્યુટી મેયર સહિતના પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ચરોતર ગેસ દ્વારા સ્વતંત્રતા દિવસ નિમિત્તે એપીએમસી ચેરમેન દ્વારા ધ્વજવંદન કરાયું

**આણંદ** | ચરોતર ગેસ સહકારી મંડળી લિમિટેડ, ઉદ્યોગનગર ખાતે દેશના ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉત્સાહભેર ઉજવણી અને ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. એપીએમસી ચેરમેન અપૂર્વભાઈ પટેલે ધ્વજવંદન કરી શહીદ વીરોને શ્રદ્ધાંજલિ અર્પી મહિલા સંચાલિત CNG સ્ટેશનની કામગીરીને બિરદાવી હતી. સંસ્થાના હોદ્દેદારોએ પ્રગતિની માહિતી આપી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી અને દેશની ઉન્નતિમાં યોગદાન આપવા આહવાન કર્યું હતું. મેનેજિંગ ડિરેક્ટર હસમુખભાઈ પટેલે કર્મચારીઓને એક ટીમ તરીકે કાર્ય કરી દેશના વિકાસમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.




### કપડવંજના શ્રી નારાયણદેવ મંદિરમાં હિંડોળા ઉત્સવનો ભક્તિભાવપૂર્વક પ્રારંભ

**કપડવંજ** | કપડવંજના ઐતિહાસિક નારાયણદેવ મંદિરમાં શ્રાવણ માસ નિમિત્તે આગામી ૩૧મી ઓગસ્ટ સુધી વિવિધ કલાત્મક હિંડોળા દર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સેવક ભગવતભાઈ અને જૈમિન જોષી દ્વારા તૈયાર કરાયેલ મીનાકારી, કાચ, સુકા મેવા અને શાકભાજીના મનોહર હિંડોળા ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. શ્રદ્ધાળુઓ દરરોજ સાંજે ૦૬:૦૦ થી રાત્રે ૦૯:૦૦ વાગ્યા સુધી શ્રીજીના આ વિવિધ પ્રકારના કલાત્મક હિંડોળા દર્શનનો લાભ લઈ શકશે. પૌરાણિક મહત્વ ધરાવતા નગરદેવ મંદિરમાં આકર્ષક હિંડોળા સજાવવામાં આવ્યા છે.



### કપડવંજમાં શૈક્ષિક મહાસંઘ દ્વારા ગરિમાપૂર્ણ 'ગુરુવંદના' કાર્યક્રમ યોજાયો



**કપડવંજ** | કપડવંજ તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષકોની સહકારી શરાફી મંડળી ખાતે ગુરુ-શિષ્ય પરંપરાના જતન અને શિક્ષકોની સામાજિક જવાબદારીના હેતુથી 'ગુરુવંદના' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ૪૦ જેટલા શિક્ષકોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય બાદ મુખ્ય વક્તા રસિકભાઈ પટેલે રાષ્ટ્ર ઘડતરમાં શિક્ષકની ભૂમિકા અને ભારતીય સંસ્કાર પરંપરા વિશે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોમાં પોતાના 'ગુરુત્વ' પ્રત્યે જાગૃતિ લાવવાનો અને રાષ્ટ્રભાવના કેળવવાનો રહ્યો હતો.

### કપડવંજના મિલીબેન પરમારની ભાજપ તાલુકા મહિલા સંગઠન મંત્રી પદે વરણી થતાં સન્માન કરાયું

**કપડવંજ** | કપડવંજમાં સાવિત્રીબાઇ ફૂલે મહિલા સંગઠન દ્વારા સામાજિક કાર્યકર મીલીબેન પરમારની તાલુકા ભાજપ મહિલા સંગઠન મંત્રી પદે નિયુક્તિ થતા શાલ અને પુષ્પગુચ્છ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ન્યાય સમિતિના ચેરમેન જિગીષાબેન પરમાર સહિતની મહિલા અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સન્માન બદલ આભાર માનતા મિલીબેને આગામી સમયમાં મહિલાઓના ઉત્થાન, પ્રગતિ અને તેમને ન્યાય અપાવવા માટે સતત કાર્યરત રહેવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.



### કપડવંજના વ્યાસવાસણામાં મંગળદાસ એમ. શાહ ઉચ્ચતર માધ્યમિક શાળાનું ખાતમુહૂર્ત કરાયું

**કપડવંજ** | કપડવંજ તાલુકાના વ્યાસવાસણામાં દાતા ભાવેશભાઈ શાહના માતબર યોગદાનથી નવીન ઉચ્ચતર માધ્યમિક શાળાનું ખાતમુહૂર્ત પૂ. ગણેશદાસજી મહારાજના આશીર્વાદ સાથે સંપન્ન થયું. સ્વર્ગસ્થ માતા-પિતાની સ્મૃતિમાં નિર્મિત આ સંકુલના ખાતમુહૂર્ત પ્રસંગે શિક્ષણસેવાનો અનોખો સંકલ્પ લઈ શાહ પરિવારે શિક્ષણના પ્રસાર માટે પોતાની કટિબદ્ધતા દર્શાવી હતી. આ પ્રસંગે કેળવણી મંડળના પ્રમુખ કે. એન. પટેલે દાતા પરિવારની આ ઉમદા સખાવતને બિરદાવી આભાર માન્યો હતો, જેમાં ગામના અગ્રણીઓ અને મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



### સરદાર પટેલ યુનિવર્સિટીના હોમ સાયન્સ વિભાગ દ્વારા 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની ઉજવણી

**આણંદ** | વલ્લભ વિદ્યાનગર સ્થિત અનુસ્નાતક હોમ સાયન્સ વિભાગ દ્વારા ૧ થી ૭ ઓગસ્ટ દરમિયાન 'બ્રેસ્ટફીડિંગ ફોર અ સસ્ટેનેબલ સ્ટાર્ટ ઈન લાઈફ' થીમ હેઠળ વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત સ્તનપાન કરાવતી માતાઓના પોષણ માટે 'લેક્ટોગોગ્સ ફૂડ્સ' વાનગી સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ૩૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્થાનિક મહિલાઓએ પૌષ્ટિક વાનગીઓ રજૂ કરી હતી. વિભાગના અધ્યક્ષ પ્રો. નમ્રિતા કોલાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓ અને સ્થાનિક સમુદાયમાં પૌષ્ટિક આહાર અને સ્તનપાન અંગે સચોટ જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરાયો હતો.



### સરદાર પટેલ યુનિવર્સિટીના યુ.જી. વિભાગ દ્વારા ઓપન માઈક કાર્યક્રમ સાથે સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયો



**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના અંડરગ્રેજ્યુએટ વિભાગ દ્વારા 'દેશ ભક્તિ: એક અવાજ, એક જઝબા, એક ભારત' થીમ પર ઓપન માઈક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ પ્રો. નીરંજન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં કુલસચિવ ડો. ભાઈલાલ પી. પટેલ અને સંયોજક પ્રો. વસંત પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. વિદ્યાર્થીઓએ કવિતા, ગીત અને વક્તવ્ય દ્વારા રાષ્ટ્રપ્રેમની ભાવના વ્યક્ત કરી હતી, જેનું સફળ સંચાલન વિધિ પટેલે કર્યું હતું. આ કાર્યક્રમના અંતે ડો. અર્પિત પાટડિયાએ આભારવિધિ કરી હતી.

### નડિયાદ કેડીસીસી બેંક દ્વારા ૮૦મા સ્વતંત્રતા પર્વની ભવ્ય ઉજવણી કરાઇ



**નડિયાદ** | નડિયાદ ખાતે ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટિવ બેંકના ચેરમેન તેજસકુમાર બી. પટેલ તથા ડિરેક્ટરો દ્વારા આન-બાન-શાન સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેરમેનશ્રીએ છેવાડાના ગામોના યુવાનોને બેંક થકી સ્વરોજગાર પૂરો પાડી દેશને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પ સાથે પ્રેરક ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં બેંકના સિનિયર ડિરેક્ટર ભદ્રેશભાઈ શાહ, ભરતભાઈ પટેલ, શીતલભાઈ ભટ્ટ અને સી.ઈ.ઓ. અરવિંદભાઈ ઠક્કર સહિત મોટી સંખ્યામાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. "જિલ્લા બેંક આપણી બેંક આપના આંગણે" ના સૂત્ર સાથે દેશભક્તિના માહોલમાં આ પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.

### આણંદમાં ગૌરવપૂર્ણ સેવાયાત્રા નિમિત્તે 'આરોહણ' મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ

**આણંદ** | સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. ભીખુભાઈ પટેલના ૨૦ વર્ષના સેવાકાળની પૂર્ણતા નિમિત્તે 'આરોહણ' મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી સહિત શિક્ષણ અને સામાજિક ક્ષેત્રના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આરોગ્ય અને એપ્લાઇડ હેલ્થકેર ક્ષેત્રે નવી તકો ઊભી કરવા માટે સિક્સ સિગ્મા હેલ્થકેર, નવી દિલ્હી સાથે MOU કરાયાં હતા. આ કાર્યક્રમ દરમિયાન ડો. ભીખુભાઈ પટેલના સફળ સેવાકાળને ઉજાગર કરતા સોવિનિયર તેમજ સંસ્થાના અધ્યાપકો દ્વારા લખાયેલા ૮ પુસ્તકોનું વિમોચન કરાયું હતું.

